# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-07-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## VB-G RAMG-લોન્ચ:

**વિકાસ ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) માટે ગેરંટી [VB-G RAMG] અધિનિયમ, 2025 ગઈકાલથી દેશભરમાં અમલમાં આવ્યો છે. આ અધિનિયમ હેઠળ, પાત્ર ગ્રામીણ પરિવારોને હવે 125 દિવસની ગેરંટીકૃત વેતન રોજગારનો વૈધાનિક હક મળશે. સરકારે VB-G RAMG અધિનિયમ, 2025 હેઠળ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે સુધારેલા વેતન દરોને પણ સૂચિત કર્યા છે. આ કાયદાના રાષ્ટ્રીય અમલીકરણને ચિહ્નિત કરવા માટે, આજે આંધ્રપ્રદેશના તિરુપતિ જિલ્લામાં એક રાષ્ટ્રીય લોન્ચ કાર્યક્રમ યોજાશે.**

**કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ આ કાર્યક્રમમાં હાજરી આપશે. રાષ્ટ્રીય લોન્ચ કાર્યક્રમમાં VB-G RAM G નું ઔપચારિક લોન્ચિંગ, લાભાર્થીઓને ગ્રામીણ રોજગાર ગેરંટી કાર્ડનું વિતરણ, VB-G RAM G સોફ્ટવેર પ્લેટફોર્મનું લોન્ચિંગ, મુખ્ય પ્રકાશનોનું વિમોચન, લાભાર્થીઓ સાથે વાર્તાલાપ અને કાયદાના અસરકારક અમલીકરણને સુનિશ્ચિત કરવાના હેતુથી અનેક પહેલોનું ઉદ્ઘાટન કરવામાં આવશે.**

**-----------------------------------------------------------------------------------------**

## કેબિનેટ મીટીંગ-પ્રવક્તામંત્રી જીતુભાઈ વાઘાણી:

**રાજ્યમાં આગામી સાત જુલાઈથી ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી શરૂ કરાશે. આ માટે 14 હજાર 483 ખેડૂતો નોંધાયા છે. ગાંધીનગરમાં રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, રાજ્યના વિવિધ 51 કેન્દ્ર પર આ ખરીદી કરાશે.**

વીજપોલ વળતર અંગે શ્રી વાઘાણીએ કહ્યું, તમામ સંગઠનના અભિપ્રાય બાદ સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં લાંબાગાળાનો આખરી નિર્ણય લેવાશે.

અન્ય નિર્ણયો અંગે શ્રી વાઘાણીએ કહ્યું, રાજ્યના મંત્રીઓ અને અધિકારીઓની કચેરીમાં હવે દર રવિવારે એક કલાક સફાઈ અભિયાન હાથ ધરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૂચના આપી છે.

---------------------------------------------------------------------------------------------------

## બી.એસસી.એગ્રીકલ્ચર ડિગ્રી:

બી.એસસી. (ઓનર્સ) નેચરલ ફાર્મિંગ ડિગ્રીને હવે બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર સમકક્ષ માન્યતા મળશે. પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણી કહ્યું, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીનો અભ્યાસક્રમ હવે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના ડિગ્રી અભ્યાસક્રમ સમકક્ષ ગણાશે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અને આ ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને સમાન તક ઉપલબ્ધ કરાવવા આ નિર્ણય કરાયો. તેનાથી પ્રાકૃતિક ખેતીમાં ઉજ્જવળ ભવિષ્ય ઈચ્છતા અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં એક નવી આશા, ઉત્સાહ અને આત્મવિશ્વાસનો સંચાર થશે તેમ શ્રી વાઘાણીએ ઉમેર્યું .

---------------------------------------------------------------------------------------------------

## ભુજ અદાલત-કેફી પદાર્થ-ચુકાદો:

ભુજની ત્રીજી અધિક સેશન્સ અને સ્પેશિયલ **NDPS** અદાલતે **19** આરોપીને **20** વર્ષની સખત કેદની સજા અને તમામને બે લાખ રૂપિયાનો દંડ કર્યો. દરિયાઈ વિસ્તારમાંથી ગેરકાયદેસર અંદાજે **575** કરોડ રૂપિયાના કેફી પદાર્થ ઘૂસાડવામાં ત્રણ અલગઅલગ ગુનામાં સંડોવાયેલા પાકિસ્તાનના **18** અને અફઘાનિસ્તાનના એક નાગરિકને અદાલતે સજા સંભળાવી છે.

ન્યાયાધીશ વી. એ. બુદ્ધે ચુકાદો આપતા આરોપીઓના આ કૃત્યને દેશના યુવાનોને ગંભીર વ્યસનમાં ધકેલીને રાષ્ટ્રના ઢાંચાને નબળો પાડવાનું સુનિયોજિત કાવતરું ગણાવ્યું.

---------------------------------------------------------------------------------------------------

## અંજાર-ભુજ-નર્મદા પાણી લીકેજ:

અંજાર ભુજ ધોરીમાર્ગ ઉપર નર્મદાની મુખ્ય પાણીની પાઇપલાઇનના એર વાલ્વને એક કારની ટક્કર વાગતા સેફ્ટી પીલર ક્ષતિ ગ્રસ્ત થયો હતો. વાલવમાં લીકેજ સાથે પાણીના ફુવારા ઉડ્યા હતા. આ લીકેજને કારણે મોટા પ્રમાણમાં પાણી માર્ગ પર પાણી ફરીવળતા વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતા સંબંધિત વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ ઉપર દોડી આવી હતી અને વધુ પાણીનો વેડફાટ અટકાવવા માટે મુખ્ય લાઈન બંધ કરી ક્ષતિગ્રસ્ત  એર વાલ્વ અને સેફ્ટી પીલરની મરામતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે લીકેજને કારણે જિલ્લાની પાણી વિતરણ વ્યવસ્થાને ખાસ અસર નહીં પડે.

---

## ભારત-ઇંગ્લેન્ડ મેચ:

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની પહેલી T20 મેચ વરસાદના કારણે રદ કરવામાં આવી છે. સતત પડી રહેલા વરસાદને કારણે ઇંગ્લેન્ડની બીજી ઇનિંગ્સ શરૂ થઈ શકી ન હતી. આ પહેલા ભારતે ટૉસ જીતીને પહેલી બેટિંગ કરતા 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 189 રન બનાવ્યા હતા અને ઇંગ્લેન્ડને જીતવા માટે 190 રનનો ટાર્ગેટ આપ્યો હતો. જોકે, વરસાદ સતત ચાલુ રહેતા મેચ પરિણામ વિના જ સમાપ્ત થઈ હતી.

---

## હવામાન:

રાજ્યના કેટલાક જિલ્લામાં આગામી છ તારીખ સુધી વરસાદની આગાહી છે. દરમિયાન આગામી 7 જુલાઈ સુધી કચ્છના કેટલાક વિસ્તારમાં  પવન અને ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ વરસે તેવી આગાહી છે. જીલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં ઉકળાટનો માહોલ યથાવત રહ્યો છે. જો કે કેટલાક વિસ્તારોમાં સામાન્ય અમીછાંટણી વરસ્યાના અહેવાલ મળ્યા છે. માછીમારોને  આગામી પાંચ દિવસ દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

---

## <u>અમરનાથ યાત્રા:</u>

**શ્રી અમરનાથજી યાત્રા માટે યાત્રાળુઓનો પહેલો જથ્થો જમ્મુના ભગવતી નગર બેઝ કેમ્પ પહોંચી ગયો છે અને આજથી વાર્ષિક યાત્રા શરૂ થશે. યાત્રાળુઓ માટે વધારાની સુરક્ષા અને રહેવાની વ્યવસ્થા સહિતની તમામ જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. 57 દિવસની આ યાત્રા 3 જુલાઈના રોજ કડક સુરક્ષા વચ્ચે નુનવાન-પહલગામ અને બાલતાલ રૂટ પરથી શરૂ થશે.**

---